

# શ્રીજી મહારાજ દ્વારા નિર્મિત પ્રાસાદિક જૂનાગઢના મંદિરની અનુપમ ગાથા

**નામ** પ્રમાણે અતિ પ્રાચીન જૂનાગઢ, એ શાસ્ત્રોમાં જીર્ણદુર્ગ તરીકે પણ પ્રચલિત છે. જૂનાગઢના કણેકણમાં આધ્યાત્મિકતા મહેકે છે. આ ઐતિહાસિક શહેરમાં શ્રીજી મહારાજે સત્સંગ કરાવ્યો અને ભક્તોના ભાવથી મંદિર નિર્માણ કરવાનો પણ સંકલ્પ કર્યો. પોતાની અનેક વિશિષ્ટતા અને નૈસર્ગિક સૌંદર્યથી સભર જૂનાગઢ અનાદિ અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીના સંબંધે વધુ પુણ્યશાળી, પવિત્ર અને પ્રાસાદિક બન્યું. શ્રીજી મહારાજે સોરઠના ભક્તોને સત્સંગ કરવા જૂનાગઢના માધ્યમથી મંદિર અને ગુણાતીત સાધુની અલૌકિક ભેટ આપી. અને એ આખો ઈતિહાસ અદ્ભુત છે.

વિક્રમ સંવત ૧૮૮૨ના વર્ષનો આરંભ થયો. અમદાવાદ, ભુજ અને વડતાલનાં મંદિર નિર્માણ થઈ ચૂક્યાં હતાં. શ્રીજી મહારાજ ગઢડા બિરાજમાન હતા. સ્વાભાવિક સૌ ભક્તો દૂરદૂરથી તેમના દર્શને આવતા. અને એ જ રીતે એક દિવસ પંચાળાના ઠાકોર ઝીણાભાઈ દરબાર પ્રભુનાં દર્શનાર્થે પધાર્યા. સોરઠમાં પણ સત્સંગનો વિકાસ થાય તે હેતુથી જૂનાગઢમાં મંદિર થાય તેવા ભાવ અને સંકલ્પ સાથે પધારેલ ઝીણાભાઈએ પોતાની ભાવના શ્રીજી મહારાજ પાસે વ્યક્ત કરી. જૂનાગઢની પોતાના ઉતારાની જમીન અને જરૂર પડે તો પોતાની વાડી પણ મંદિર માટે અર્પણ કરી દેવાની તૈયારી ઝીણાભાઈએ દર્શાવી. સ્થાન વગર પ્રભુભક્તિ થવી અને તે અખંડ રહેવી એ મુશ્કેલ છે તેથી સ્થાન કરવા ઝીણાભાઈએ મહારાજને આજીજી કરી. ભક્તના ભાવ અને સમસ્તીના કલ્યાણ માટેના સંકલ્પથી પ્રભુ ખૂબ રાજી થયા અને તેઓએ ઝીણાભાઈને જૂનાગઢમાં મંદિર કરવાનું વચન આપ્યું.

ત્યારબાદ મહારાજે સભા બોલાવી અને ઝીણાભાઈના સમર્પણની વાતો કરી. પછી, જૂનાગઢમાં મંદિર કરવા મહારાજે સંતોને તૈયાર થવા કહ્યું પણ, જૂનાગઢની વિષમ પરિસ્થિતિને પરિણામે કોઈ સ્વેચ્છાએ જવા તૈયાર ન થયું. તે સભામાં આજ્ઞાકારી ગુણાતીતાનંદ સ્વામી પણ બિરાજમાન હતા. તેથી, મહારાજે અતિ કરુણાકારી પ્રેમ વરસાવતાં કહ્યું કે, આ મંદિર નિર્માણ તો અમારા નિર્ગુણાનંદ સ્વામી જેવા બળિયાનું જ કામ ! આ સાંભળી ગુણાતીતાનંદ સ્વામીએ તરત જ જૂનાગઢની વાટ પકડવા તૈયારી બતાવી, તેથી મહારાજ પણ અતિ પ્રસન્ન થયા. પરંતુ, દાસવૃત્તિ તેમજ અનાસક્તભાવના ધારક ગુણાતીતાનંદ સ્વામીને રાજ્યની સાથે વ્યવહાર કરવા, મદદ મેળવવા કોઈ સદ્ગુરુ સંતનો સંગ મળે તેવી સ્વાભાવિક ઈચ્છા હતી. તેથી મહારાજે તેઓ સાથે બ્રહ્માનંદ સ્વામીને મોકલ્યા. લૌકિક રીતે ગુણાતીતાનંદ સ્વામીનું સોરઠમાં પધારવું એ સામાન્ય મંદિર નિર્માણના કાર્ય પૂરતું સીમિત ન હતું પરંતુ, ગુણાતીત ભાવ પ્રગટાવવા, સંબંધ આપી સૌનું કલ્યાણ કરવા, શ્રીજી મહારાજની સર્વોપરિતા પ્રસરાવવા અને સોરઠમાં ગુણાતીત જ્ઞાનનો સૂરજ પ્રકાશિત કરવા શ્રીજી મહારાજે તેઓને ત્યાં મોકલ્યા. તેમની કાર્યશક્તિ અને તેમની અનાદિ ગુણાતીત અવસ્થાથી જગત વાકેફ થાય એ પણ મહારાજનો માર્મિક ઉદ્દેશ હતો.

ગુણાતીતાનંદ સ્વામી અને બ્રહ્માનંદ સ્વામી સાથે મહારાજે ગોંડલના રત્ના મિસ્ત્રીને સેવામાં મોકલ્યા. મિસ્ત્રીએ શિખરનું કામ પૂર્વે ક્યારેય કર્યું ન હતું, તેથી તેને મનમાં દુવિધા હતી કે, આવું મોટું કામ તેમનાથી શક્ય થશે

ખરું ? મહારાજે તેમને આશીર્વાદ દીધા એટલે બળ આવ્યું અને વળી, રાત્રે તેમને સ્વપ્નમાં મહારાજે મંદિર બતાવ્યું અને બરાબર એવું જ મંદિર કરવા આજ્ઞા કરી. સવારે જાગ્યા ત્યારે તેઓ મહારાજને મળ્યા અને સ્વપ્નની વાત કરી એટલે મહારાજ હસ્યા ને સંતો તેમજ મિસ્ત્રીને મળ્યા અને ત્રણ શિખરના ભવ્ય મંદિરના નિર્માણની આજ્ઞા કરી.

વળી, આ અરસામાં ધોલેરા મંદિરનું નિર્માણ થઈ ગયું હતું અને મૂર્તિપ્રતિષ્ઠાનો સમૈયો નક્કી થઈ ગયો હતો ત્યારે મહારાજે આ સંતોને જૂનાગઢ મોકલ્યા. થોડા દિવસો પછી ગોપાળાનંદ સ્વામી પણ જૂનાગઢ પહોંચ્યા અને મહારાજની આજ્ઞા હતી કે, જૂનાગઢ મંદિરનું ખાતમુહૂર્ત સવેળા કરી દેવું. તેથી સૌના આગ્રહને વશ સ્વયં ગુણાતીતાનંદ સ્વામીના પાવન કરકમલોથી ગોપાળાનંદ સ્વામીની દિવ્ય ઉપસ્થિતિમાં સંવત ૧૮૮૨ના વૈશાખ સુદ ત્રીજના પાવન દિવસે મંદિરની ખાતવિધિ સંપન્ન થઈ. સ્વયં અક્ષરબ્રહ્મ દ્વારા ઉપાસનાના કાર્યને પૃથ્વીના ફલક પર લાવવા બ્રહ્મવિદ્યાના કેન્દ્ર એવા મંદિર નિર્માણના શુભારંભ થયા. પાયાનું કામ આરંભ કરાવી ગુણાતીતાનંદ સ્વામી, આનંદ સ્વામી અને તેમના મંડળના સંતો કે જેઓને સ્વામીની મદદમાં મહારાજે મોકલ્યા હતા તે સૌ મહારાજનાં દર્શને ગઢડા પધાર્યા.

જૂનાગઢમાં નવાબી રાજ હતું અને વળી, શિવપંથી નાગર બ્રાહ્મણોનું વર્ચસ્વ હતું. નાગરો તરફથી અસહકાર સાંપડતો અને તેમને દ્વેષભાવ એટલો બધો હતો કે, મંદિર નિર્માણનું કાર્ય અટકાવવા તેઓ હંમેશાં કટિબદ્ધ રહેતા. કોઈ ને કોઈ નિમિત્તે મંદિર નિર્માણકાર્યમાં વિઘ્નો ઊભાં કરતા. આ ઉપરાંત, જૂનાગઢના પર્વતમાંથી વહેતું પાણી પચવામાં ભારે હતું તેથી બ્રહ્માનંદ સ્વામીનું તો પેટ જ ફૂલી ગયું. આ પથ્થરિયા પાણીને લીધે સંતોને સ્વાસ્થ્યલક્ષી તકલીફો પણ વધવા લાગી. જૂનાગઢમાં હિંસક પ્રાણીઓનો ભય રહેતો અને જૂનાગઢ આવવા માટેની વાટ પણ વિકટ હતી એટલે કોઈ સાથે સેવામાં પધારતું નહિ.

હવે જ્યારે જેઠ સુદ પૂનમના દિવસે મહારાજની આજ્ઞા ઝીલી ગુણાતીતાનંદ સ્વામી કાયમ માટે જૂનાગઢ જવા નીકળ્યા ત્યારે મહારાજે આશીર્વાદ દીધા કે, 'જૂનાગઢ તમારી સાથે કે મદદમાં કે તમારાં દર્શન-સમાગમ માટે જે આવશે તેમની કરોડ જન્મોની કસર હું એક જન્મે ટાળી દઈશ !' મંદિરનિર્માણની સેવામાં આવા ગુણાતીત સાધુ સાથે જોડાનાર સેવકો માટે તો આ શાશ્વત વરદાન છે ! વળી, મહારાજે પોતે જ તત્ત્વાનંદ સ્વામીને ગુણાતીતાનંદ સ્વામીની જોડ બનાવી જૂનાગઢ મોકલ્યા.

સંતોનાં માર્ગદર્શન અને રૂપશંકરભાઈ, દાદાભાઈ, ગગોભાઈ, ઉમેદસંગભાઈ આદિના સહકારથી જૂનાગઢ મંદિરનો પરથાર સરસ રીતે પૂરો થવા આવ્યો હતો. પણ તે અરસામાં વરસાદ ખેંચાયો હતો તેથી રાજ્યની પ્રજા દુ:ખી હતી. નાગરોએ આનો લાભ ઉઠાવવાની યુક્તિ શોધી કાઢી. તેઓએ નવાબ પાસે જઈને તેમને ઉશ્કેરવાનો પ્રયાસ કર્યો. દ્વેષીઓએ કહ્યું કે, 'સ્વામિનારાયણવાળાને મંદિર કરવા મજૂર જોઈએ અને જો વરસાદ પડે તો તે મળે નહિ. એટલે તેમણે મંદિરના પાયામાં મંત્રેલો હાડકાંનો રેંટિયો પૂર્યો છે એટલે વરસાદ થતો નથી. માટે પાયા ખોદાવો અને તપાસ કરાવો.' વાજબી કારણ દર્શાવતી આ વાત નવાબના ગળે ઊતરી ગઈ. આમ તો નવાબ બહાદુરખાનજી બ્રહ્માનંદ સ્વામીના મિત્ર હતા, તેથી તેમને વિશ્વાસ હતો કે, સ્વપ્નમાંય કોઈનું બૂરું ન ઇચ્છનારા સ્વામિનારાયણ ભગવાનના સાધુ આવું કામ કરે નહિ ! પરંતુ, ફરિયાદ સાંભળી પાકું કરવા તેઓએ બ્રહ્મમુનિને બોલાવ્યા ત્યારે સાથે ગુણાતીતાનંદ સ્વામી પણ આવ્યા. વાત સાંભળી બ્રહ્માનંદ સ્વામીએ સ્પષ્ટ કહ્યું કે, 'જો આ વાત ખોટી ઠરે અને મંદિરના પાયામાંથી હાડકાં ન નીકળે તો પાયાના ખોદાણ, પુરાણ અને ચણતરનો તમામ ખર્ચ ફરિયાદીઓએ આપવો. જો આ મંજૂર હોય તો આવો ! મંદિરના દરવાજા ખુલ્લા છે.' બ્રહ્માનંદ સ્વામીની બુદ્ધિમત્તા અજોડ હતી, જેનાં દર્શન આ પ્રસંગે થયાં. બ્રહ્માનંદ સ્વામીની શરત મંજૂરી માટે નવાબે ફરિયાદીઓને પૂછ્યું પણ કોઈ સામું જોઈ શક્યું જ નહિ, તેઓના હાથ હેઠા પડ્યા ! આ જોઈ નવાબને પણ ખાતરી થઈ કે, નાગરોએ ખૂબ દ્વેષ સંઘરી રાખ્યો છે અને તેમનો આશય મલિન છે.

ત્યારબાદ તો મહારાજે લીલા કરી ! પોતાના સંતો પર જૂનાગઢમાં આવી પડેલી આ ઉપાધિને અંતર્યામીપણે જાણી મહારાજે બ્રહ્માનંદ સ્વામી પર કાગળ લખ્યો કે, 'નવાબને કહેજો કે, આજથી ત્રીજે દિવસે વરસાદ પડશે અને સર્વે સારાં વાનાં થશે.' શ્રીજીના આશીર્વાદથી બન્યું પણ એવું જ કે, ત્રીજે દિવસે વરસાદ પડ્યો. તે જોઈ સ્વામી, સંતો તેમજ નવાબ પણ ખૂબ રાજી થયા. પરંતુ, દ્વેષીઓનો દ્વેષ અગનજ્વાળા સમાન ભભૂકતો હતો. કોઈ ને કોઈ બહાનું શોધી દ્વેષી અમલદારો વિઘ્નો ઊભાં કરતા હતા. સંતો મંદિરનિર્માણનું કામ પડ્યું મૂકી નાસી જાય તેવા પ્રયાસો અને કાવતરાંઓ કરતા. પરંતુ, ગુણાતીતાનંદ સ્વામીની બ્રાહ્મીસ્થિતિ અને બ્રહ્માનંદ સ્વામીની ચપળતાના અનુભવ કરી સૌ કોઈ દંગ રહી જતા. શ્રી સ્વામિનારાયણ ભગવાન અને તેમના સંતો પ્રતિ માન વધતું જતું. કોઈના કોઈ મલિન સંકલ્પો સાકાર થયા નહિ અને મંદિરનું કાર્ય વાયુવેગે સાકાર થવા લાગ્યું.

ત્યારબાદ ગુણાતીતાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી અને સંતો મહારાજનાં દર્શને ગઢડા પધાર્યા. બ્રહ્માનંદ સ્વામી પ્રબોધિની ઉત્સવ કરી ફરી જૂનાગઢ ગયા. થોડા દિવસો પછી મહારાજે ગુણાતીતાનંદ સ્વામીને જૂનાગઢ જવા રજા આપી, પરંતુ ત્યારે પણ કોઈ તેમની સાથે જવા તૈયાર ન હતું. પછી મહારાજે કાગળ લીધો અને નામ લખવાં શરૂ કર્યાં. પ્રથમ ગુણાતીતાનંદ સ્વામી, પછી આનંદ બ્રહ્મચારી, પછી પુરુષોત્તમદાસ, જોરાભગતનું નામ લખ્યું અને તે સૌ જૂનાગઢ જવા તૈયાર થયા. તે જોઈ નારણદાસ સાધુએ સ્વામી સાથે સેવામાં જવાનો ભાવ પ્રભુચરણે ધર્યો. આ સાંભળી મહારાજે તેઓ પર અંતરનો અનન્ય રાજીપો વરસાવ્યો.

ત્યારબાદ એક પ્રસંગે સૌ કોઈ મહારાજના સાંનિધ્યે ભેગા થયા હતા ત્યારે મહારાજે વિવિધ મંદિરોના મહંત નીમ્યા. ત્યારે બ્રહ્માનંદ સ્વામીએ મહારાજને

જણાવ્યું કે, 'મહારાજ આ બધું તો ઠીક, પણ જૂનાગઢના મહંત જરા વિચારીને નીમજો ! કારણ કે, ત્યાં દ્વેષી નાગર અમલદારોનો અસહકાર છે, પ્રદેશ પણ નિર્ધન અને જાડો છે. વિષમ પરિસ્થિતિઓ વચ્ચે મહંતની ફેરવણી કરીએ તે યોગ્ય નહિ માટે સ્થાયી મહંત હોય તો સારું !' બ્રહ્માનંદ સ્વામીની આ વાત પર મહારાજે વિચાર કરી રાખ્યો હતો, એટલે મહારાજે ગુણાતીતાનંદ સ્વામીને બોલાવ્યા અને પોતે કોટમાં પહેરેલા બધા હાર કાઢી સ્વામીને પહેરાવ્યા અને બોલ્યા કે, 'આ જૂનાગઢના મહંત !' દાસ પ્રકૃતિના ધારક સ્વામીએ વિનમ્રતાથી પ્રભુને કહ્યું કે, 'હું તો સેવક ! મને આ ફાવશે નહિ !' ત્યારે મહારાજ પરભાવમાં આવીને બોલ્યા કે, 'જૂનાગઢની મહંતાઈ ચલાવી શકે તેવો બીજો અહીં કોઈ છે નહિ !' પછી ગોપાળાનંદ સ્વામી, અખંડાનંદ બ્રહ્મચારી અને પરમાનંદ સ્વામીને બતાવીને કહ્યું કે, 'આ ત્રણ તમારું કામ ચલાવશે !' એટલું કહી કુરજી દવેને પોતે વર્ણી સ્વરૂપે જે વર આપ્યો હતો તેની સ્મૃતિ કરાવી અને તે સાકાર કરતાં બોલ્યા કે, 'આ ગુણાતીતાનંદ સ્વામી જે અમારું અક્ષરધામ છે તે અમે સોરઠને કૃષ્ણાર્પણ કરીએ છીએ. સોરઠના મુક્તોને અમે અમારું યથાર્થ સુખ આપી શક્યા નથી તેથી અમારું સર્વસ્વ એવા આ ગુણાતીતાનંદ સ્વામી અમે બક્ષિસ આપીએ છીએ.' આમ, સંવત ૧૮૮૩ની ચૈત્રી પૂનમે શ્રીજી મહારાજે ગુણાતીતાનંદ સ્વામીને જૂનાગઢ મંદિરના મહંત નીમ્યા.



શ્રી રાધારમણ દેવ

ત્યારબાદ ગુણાતીતાનંદ સ્વામી અને બ્રહ્માનંદ સ્વામી પાછા જૂનાગઢ આવ્યા. સંતો-ભક્તો તેઓનાં માર્ગદર્શને ઝડપભેર મંદિર નિર્માણના કાર્યમાં લાગી ગયા. મંદિર નિર્માણનું કાર્ય લગભગ સંપન્ન થવા આવ્યું હતું. તે અરસામાં રંગીલદાસ નામે મજમુદાર હતો જે કોઈ કામથી વડોદરા કચેરીમાં આવ્યો હતો. નાગર અમલદારોએ જોયું કે, સ્વામિનારાયણનું મંદિર થવા આવ્યું છે અને મૂર્તિપ્રતિષ્ઠા થઈ જશે તો મંદિર ઉખેડી પાડવું અઘરું બની જશે. એટલે તેમણે ભેગા મળીને રંગીલદાસને પત્ર લખ્યો અને ઊંધું-છતું સમજાવી મંદિર પાડી નાખવા ઉશ્કેર્યો. પત્ર વાંચી ક્રોધે ભરાયેલ રંગીલદાસ મંદિર તોડી પાડવાના સંકલ્પ સાથે મારતે ઘોડે જૂનાગઢ આવવા નીકળ્યો. આ વાત સત્સંગીઓને કાને પડી એટલે તેમણે સંતોને કહી. તે વખતે ગોપાળાનંદ સ્વામી પણ જૂનાગઢમાં બિરાજમાન હતા. બ્રહ્માનંદ સ્વામીએ જ્યારે રંગીલદાસની વાત કહી ત્યારે તે સાંભળી સૌ સંતો અને ભક્તો ચિંતાતુર બન્યા. મંદિર તૂટી પડશે તે વિચારી પ્રભુસહાય મેળવવા પ્રાર્થનામાં જોડાયા. સૌ કોઈ આકુળવ્યાકુળ હતા પરંતુ, ગુણાતીતાનંદ સ્વામી સ્થિતપ્રજ્ઞ હતા અને નિશ્ચિંત હતા. જેમ જેમ રંગીલદાસ જૂનાગઢ પ્રતિ આગળ વધતો હતો તેમ તેમ સંતો સમયે સમયે પોતાની ચિંતા વ્યક્ત કરતા હતા. તેથી બ્રહ્માનંદ સ્વામીએ આ ચિંતા ગોપાળાનંદ સ્વામી આગળ વ્યક્ત કરી. તે વખતે જ ગોપાળાનંદ સ્વામીએ કહ્યું કે, 'સર્વોપરી શ્રીજી સામે તુચ્છ જીવની શી વિસાત ! ધાર્યું ધણીનું થાય છે ! એટલું બોલી પોતાની કાખમાંથી એક મુવાળો તોડ્યો અને બોલ્યા કે, આ તારો રંગીલદાસ !' પછી પરભાવમાં આવી કહ્યું કે, 'મંદિર સુધી તો શું પણ એ જૂનાગઢની સીમમાં પ્રવેશી નહિ શકે !' આ સાંભળી સૌને શાતા થઈ. મંદિરની કાંકરે કાંકરી ઉખાડી દઈ સંતોને ભગાડી દેવાના આશયથી વડોદરાથી નીકળેલો રંગીલદાસ વડાલ પહોંચ્યો ત્યાં રસ્તામાં એક તેતર જોરથી રસ્તા વચ્ચેથી નીકળ્યું, તે જોઈ રંગીલદાસનો ઘોડો ભડક્યો. તેથી રંગીલદાસ નીચે પડ્યો અને પોતાના હાથમાં જે ખુલ્લી બરછી હતી તે પેટ સોંસરી ઊતરી ગઈ. તત્કાલ રંગીલદાસ નિધન પામ્યો. આ સમાચાર નવાબ સાહેબને મળ્યા એટલે નવાબે ફરમાન કર્યું કે, 'મૈયતને શહેરમાં લવાય નહિ, નહિ તો રાજ્યનું અમંગલ થાય.' માટે ગામ બહાર જ તેની અંતિમવિધિ થઈ અને રંગીલદાસના મનસૂબા અધૂરા રહ્યા. ગોપાળાનંદ સ્વામીના વચન મુજબ રંગીલદાસ જૂનાગઢમાં પ્રવેશી શક્યો નહિ.

ત્યારબાદ મંદિરનું કામ પૂરું થવા આવ્યું અને હવે સૌ મૂર્તિપ્રતિષ્ઠાનો વિચાર કરવા લાગ્યા. પરંતુ તે દરમિયાન મંદિરની જમીન જેમણે આપી હતી તે દાનવીર આદર્શ ભક્ત ઝીણાભાઈ ધામમાં સિધાવ્યા. આ મહામુક્તરાજની ભક્તિથી અત્યંત પ્રસન્ન એવા શ્રીજી મહારાજે ઝીણાભાઈની નનામી સ્વયં ઉપાડી અને પ્રાસાદિક સ્મૃતિઓ આપી તેમજ સેવા-સમર્પણભરી ભક્તિ પર પોતાનો હૃદયગત માર્મિક રાજીપો વ્યક્ત કર્યો. બન્યું એવું હતું કે, ભગવાન શ્રી સ્વામિનારાયણના કમળશી વાંઝા નામના ભક્તને પોતાના ગામમાં રહી ભક્તિ કરવી અઘરી હતી. વળી, પોતાના પુત્ર તથા પુત્રવધૂનો પણ તેમાં ખૂબ વિરોધ. કમળશીભાઈ બીમાર પડ્યા ત્યારે કોઈ તેમની સેવા કરે નહિ કે દવા આપે નહીં. આ સમાચાર મળતાં જ ઝીણાભાઈ કમળશીભાઈના ઘરે ગયા. ગામના અન્ય ત્રણ સેવકોની મદદથી પોતે દરબાર હતા છતાં ગામ વચ્ચે કમળશીભાઈનો ખાટલો ઉપાડી ચાલ્યા અને પોતાને ઘરે લાવી ખૂબ સેવા-ચાકરી કરી. બીમાર કમળશીભાઈનો ખાટલો લઈ ઝીણાભાઈ જેટલાં ડગલાં ચાલ્યા તેનાથી બમણાં ડગલાં શ્રીજી મહારાજ ઝીણાભાઈની નનામી ઉપાડી ચાલ્યા. આમ, શ્રીજી મહારાજે માર્મિક લીલા દ્વારા અંતરનો રાજીપો પ્રગટ કર્યો અને સમજ આપી કે, 'દાસના દાસ જે બની રહે તેને મહારાજ વશ થાય છે.'

બીજી બાજુ મંદિરના કોઠલા પૂરા થઈ ગયા અને શ્રી ઠાકોરજીની પ્રતિષ્ઠા થઈ શકે તેટલું કામ થઈ ગયું હતું. તેથી બ્રહ્માનંદ સ્વામીએ પ્રતિષ્ઠાનું મુહૂર્ત નક્કી કરવા શ્રીજી મહારાજને પત્ર પાઠવ્યો. શ્રીજી મહારાજે સંતો અને રામચંદ્ર જોશી સાથે બેસીને સંવત ૧૮૮૪ના વૈશાખ વદ બીજનું પ્રતિષ્ઠાનું મુહૂર્ત નક્કી કર્યું.

ગામેગામ કંકોતરીઓ લખાવા માંડી. પ્રતિષ્ઠા સમય નજીક આવ્યો એટલે જૂનાગઢના ભક્તોએ શ્રીજી મહારાજને તેડાવ્યા. મહારાજે દાદા ખાચર, જીવા ખાચર, તેમજ સારંગપુર, કુંડળ, કારિયાણી, ઝાંઝાવદર, બોટાદ, લોયા આદિ ગામોથી ભક્તોને સમૈયામાં પધારવા આજ્ઞા કરી. શ્રીજી મહારાજ જૂનાગઢ પધારવાના છે તે સમાચાર સાંભળી સૌ ભક્તો આનંદઘેલા બન્યા. સૌએ પ્રભુના ભવ્ય સ્વાગતની તૈયારીઓ શરૂ કરી. વાજિંત્રો વગાડે તેવા મીરોને પણ તેઓએ બોલાવ્યા. તેઓને પણ દ્વેષ હતો એટલે સૌએ ના કહી તેમ છતાં એક લંગડા મીરે આ પુણ્યકાર્યમાં જોડાવાની ભાવના ધરી. અન્ય મીરોએ તેનો ખૂબ વિરોધ કર્યો, કટાક્ષ કરી ટોણા માર્યા, પરંતુ સર્વોપરી ભગવાનની તેને અનુભૂતિ હતી તેથી તે સેવામાં જોડાયો.



શ્રી રણછોડજી - ત્રિકમજી દેવ

શ્રીજી મહારાજ માટે હાથી ઉપર સોનાની અંબાડી તૈયાર કરી. નવાબને પણ મહારાજ પ્રત્યે ભાવ હતો તેથી તેમણે પણ બ્રહ્માનંદ સ્વામીની માંગ મુજબ હાથી, ઘોડા, પાયદળ આદિની સગવડ કરી આપી. પરંતુ, નવાબનો દીવાન દ્વેષી હતો. તેથી તેણે ઘોડાઓ સાથે એક ચંચળ ઘોડો મોકલ્યો કે જેથી તે વાજિંત્રોના અવાજ સાંભળી, માદા ઘોડીની સુગંધથી ઉત્તેજાઈ અને ભીડ જોઈ તોફાન કરે ને તેથી મહારાજનું ભૂંડું દેખાય. પણ, અશ્વવિદ્યાના પારંગત બ્રહ્માનંદ સ્વામી તે તોફાની ઘોડાને પારખી ગયા અને તેના કાનમાં પ્રભુનું નામ બોલ્યા, ને તે સાથે જે તે ઘોડો નિષ્કામી થઈ ગયો. શાંત બની પ્રભુ આગમનની સેવામાં જોડાયો. આ જોઈ સૌ દંગ રહી ગયા. શ્રીજી મહારાજ કાઠી ભક્તો સાથે જૂનાગઢ પધાર્યા અને સ્થાનિક મુઠ્ઠીભર ભક્તોએ પ્રચંડ દ્વેષ, વિરોધ અને અસહકાર વચ્ચે ભવ્ય સામૈયું કાઢ્યું, જેને નિહાળી સૌ કોઈ આશ્ચર્ય પામ્યા. તેવામાં મહારાજની નજર લંગડા મીર તરફ ગઈ. અન્ય મીરોના મનોભાવને અંતર્યામીપણે સમજી ગયેલા મહારાજે તે મીરને બોલાવી, રાજી થકા પોતાની સોનેરી પાઘ તેને આપી. મીર તો ધન્ય બની ગયો !

શ્રીજી મહારાજ બીજે દિવસે એટલે કે, વૈશાખ સુદ પૂનમની મંગલ સવારે મંદિર જોવા પધાર્યા. ગુણાતીતાનંદ સ્વામીના નેતૃત્વે ખૂબ ઓછા સમયમાં ભવ્ય મંદિર નિર્મિત થઈ ગયેલું નિહાળી અત્યંત આનંદ વ્યક્ત કર્યો. પછી હૃદયોદ્‌ગાર ઉચ્ચાર્યા કે, 'આ ગુણાતીતાનંદ સ્વામી, જે અમારું અક્ષરધામ, તે સાધુરૂપે અહીં જ રહેશે અને જે તેમનાં દર્શન, સમાગમ કરશે તેમનું અમે કલ્યાણ કરીશું. નવાબે અમને જે કહ્યું હતું કે, તમારા જેવા કોઈ ઓલિયા ફકીરને આ મંદિરમાં રાખો તે મુજબ આ ગુણાતીતાનંદ સ્વામીને અમે અહીં આપ સૌનાં કલ્યાણ માટે રોકીએ છીએ. સૌ કોઈ તેમનો સમાગમ કરશો. અને ગુણાતીતાનંદ સ્વામીની મોટપ તો ગાદી-તકિયાથી નથી, પણ એમની મોટપ તો અનાદિની છે' તેમ જણાવી સ્વામીનો મહિમા પ્રવર્તાવ્યો.

ત્યારબાદ પ્રતિષ્ઠાના દિવસે સવારે મહારાજ યજ્ઞશાળામાં પધાર્યા અને યજ્ઞવિધિ કર્યો. સંતોએ શ્રી રણછોડ ત્રિકમજી, શ્રી રાધા-રમણ દેવની મૂર્તિઓને મંદિરમાં નિયત સ્થાને પધરાવી. મધ્ય મંદિરમાં શ્રી રણછોડ ત્રિકમજી, પૂર્વ મંદિરમાં શ્રી રાધારમણ દેવ અને પશ્ચિમ મંદિરમાં શ્રી સિદ્ધેશ્વર મહાદેવ પધરાવ્યા. બ્રાહ્મણોએ પ્રથમ મહારાજ પાસે અને ત્યારબાદ યજમાનો પાસે મૂર્તિઓની પૂજા કરાવી. પ્રભુએ ન્યાસવિધિ કરી. શ્રીજી મહારાજે તે મૂર્તિઓની આરતી ઉતારી. નાગરો શિવપંથી હતા. અને તેમને પણ કાયમી સુખ મળે તે હેતુથી મંદિરમાં સિદ્ધેશ્વર મહાદેવ, પાર્વતીજી અને શ્રી ગણેશજીની મૂર્તિઓ પધરાવવામાં આવી. આ રીતે પ્રતિષ્ઠાવિધિ સંપન્ન થયો. બ્રહ્માનંદ સ્વામીએ બુલંદ અવાજે શ્રી રાધારમણ દેવની સ્તુતિ કરી. શ્રી રાધારમણ દેવનો મહિમા જણાવતાં પ્રભુએ કહ્યું કે, 'આ મૂર્તિઓ સૌની મુક્તિ માટે કરી છે. જે કોઈ અહીં નિત્ય દર્શનાર્થે પધારશે તે દુષ્કર એવા સંસારથી જરૂર મુક્તિ પામશે.' ભગવાન શ્રી કૃષ્ણએ કાળયવનની સામે લડતાં રણભૂમિ છોડી અને તેથી તેઓ 'રણછોડ' કહેવાયા. તે રણછોડરાયજીએ રૈવતાચલને પોતાની ભૂમિ બનાવી. તેથી રૈવતાચલની ગોદમાં આવેલ જૂનાગઢમાં શ્રીજી મહારાજે એક જ અવતારનાં બે સ્વરૂપો શ્રી રાધારમણજી અને શ્રી રણછોડજી પધરાવ્યા. વળી, બલિરાજા પાસે વામન ભગવાને ત્રણ પગલાં પૃથ્વી માંગી તેથી ત્રિવિક્રમ-ત્રિકમજી એવા નામથી પ્રસિદ્ધ વામનજીની વિચરણ ભૂમિને સૌ યાદ રાખે તે હેતુથી ભગવાન શ્રી સ્વામિનારાયણે શ્રી ત્રિકમરાયજીની પ્રતિષ્ઠા કરી.

આ મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે ભક્તોએ અદ્‌ભુત સેવાઓ કરી. ઘરેણાં, મૂડી, થાળ, વસ્ત્ર-અલંકારની સેવાઓ કરીને પણ સૌ ધન્ય થયા. જૂનાગઢ નવાબે મહારાજને પોતાના મહેલમાં પધારવા નિમંત્રણ પાઠવ્યું. મહારાજ ભક્તોને લઈને નવાબને ત્યાં પધાર્યા. નવાબના ભક્તિભાવથી રાજી થઈ પ્રભુએ તેમને આશીર્વાદ દીધા. વળી, નવાબે પણ મંદિરના નિર્માણકાર્ય માટે જરૂરી માલસામાન પર કોઈ કર નહીં લાગુ પાડવાનો લેખ કરી આપ્યો.

જૂનાગઢથી વિદાય થતી વેળાએ શ્રીજી મહારાજે સૌ સંતો-હરિભક્તોને વર્ષમાં એક માસ જૂનાગઢ આવી ગુણાતીતાનંદ સ્વામીનો ખાસ સમાગમ કરવા આજ્ઞા કરી. વળી, ગોપાળાનંદ સ્વામીને પણ તે જ આજ્ઞા વિશેષરૂપે કરી. આમ મહારાજે ગુણાતીતાનંદ સ્વામીનો મહિમા છતો કર્યો. તે મુજબ ગુણાતીતાનંદ સ્વામીએ પણ સૌને ખૂબ સમાગમ કરાવ્યો. આઠ પહોર કથા-

વાર્તાનો અખાડો જામતો. લહિયાઓ અને પુરાણીઓ બદલાતા પણ સ્વામીના શ્રી મુખે અસ્ખલિત પરાવાણી સરતી જે સૌને નિર્બંધ કરતી, ઉપાસના દૃઢ કરાવતી, શ્રીજીના સર્વોપરીપણાનો સાક્ષાત્કાર કરાવતી અને અક્ષરધામનું સુખ પમાડતી. આ પરાવાણી સાંભળી સંતો-ભક્તોએ તેની નોંધ કરી, તેના પરથી 'સ્વામીની વાતો' ગ્રંથ તૈયાર કરવામાં આવ્યો. જે આજે અક્ષરપુરુષોત્તમ ઉપાસનાનાં રહસ્યો પ્રગટ કરતો શાસ્ત્રમાન્ય ગ્રંથ ગણાય છે. સત્સંગમાં સર્વત્ર તેનું વાંચન કરી સૌ અનુશીલન કરે છે.

ગોપાળાનંદ સ્વામીના અક્ષરધામગમન સમયે તેઓએ કરેલ આજ્ઞાના અનુસંધાને ભગતજી મહારાજ જૂનાગઢ ગુણાતીતાનંદ સ્વામી પાસે આવ્યા. અક્ષરજ્ઞાનને પામવાના દૃઢ સંકલ્પ સાથે તેઓ સ્વામીનો સમાગમ કરતા. જૂનાગઢ મંદિરમાં ગુણાતીતાનંદ સ્વામીએ સંતોની ધર્મશાળા-નવી હવેલી બનાવવાનું કાર્ય આદર્યું ત્યારે પાયા ખોદવાનું, રેતી ધોઈને પાયામાં નાખવાનું, ચૂનો કાલવવાનું કાર્ય એકલે હાથે કરતા. વાળંદ, સુથાર, લુહાર, કડિયા, વેરણિયા, દરજી આદિ તમામ કસબની સેવા ભગતજી મહારાજે જૂનાગઢ મંદિરમાં સ્વામીના વચને પૂર્ણ વિશ્વાસ રાખી કરી. 'સ્વામી અર્થે મારો દેહ કુરબાન છે' એમ કહી ભગતજી મહારાજ સ્વામીને રાજી કરવા મરણિયા બન્યા. દેહ-ઈન્દ્રિયોના ચૂરેચૂરા કરીને પણ તેઓએ ગુણાતીતાનંદ સ્વામીની આજ્ઞાઓ પાળવા તત્પરતા રાખી તો ગુણાતીતાનંદ સ્વામી તેઓ પર અપરંપાર રાજી થઈ ગયા. આમ, સાધુતાનો કસબ પણ તેઓએ સ્વામી પાસે શીખી લીધો. ભગતજી મહારાજ પણ શ્રીજી મહારાજના સર્વોપરીપણા અને ગુણાતીતાનંદ સ્વામીના અક્ષરપણાની વાત છડેચોક કરતા અને જડબેસલાક સમજાવતા.

એક રીતે જૂનાગઢ મંદિર એ શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાનું ઉદ્ભવ બિંદુ બન્યું. ભગતજી મહારાજને ભજન કરતાં કરતાં ક્રિયા કરવાનો સ્વભાવ ! એક વખત ફૂલદોલના સમયે આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ જૂનાગઢ પધારવાના હતા. વિશાળ સભામંડપમાં શોભે તેવી કલાત્મક ચંદની બનાવવા ગુણાતીતાનંદ સ્વામીએ ભગતજી મહારાજને આજ્ઞા કરી. સૌને મહિમા ગાઈ, સેવા ઉપાડી ભગતજીએ તો કાપડ ખરીદ્યું અને રાત-દિવસ સીવવાનું કામ ઉપાડ્યું. ઘણા દરજીઓ ઘણા માસ સુધી કામ કરે તોય ન થાય તેવી વિશાળ અને કલાત્મક ચંદની ભજન કરતાં કરતાં હેતના ટેભા લઈને ભગતજી મહારાજે ૪૧ દિવસમાં જ તૈયાર કરી દીધી. તેનાં દર્શન કરી ગુણાતીતાનંદ સ્વામી અત્યંત રાજી થયા. તેમની આ સેવાને વશ થઈ સ્વામીએ ગુણાતીત જ્ઞાન, ગુણાતીત ભાવ અને ગુણાતીત અવસ્થા ભગતજીને બક્ષિસમાં આપી. ભગતજી મહારાજે બનાવેલ એ ચંદની આજે પણ જૂનાગઢ મંદિરે દર્શનાર્થે ઉપલબ્ધ છે જે ભગતજી મહારાજની માહાત્મ્યયુક્ત સેવા, ગુરુભક્તિની અકલ્પનીય ગાથા વર્ણવે છે. ભગતજી મહારાજની જેમ જાગા સ્વામી અને કૃષ્ણજી અદા પણ ગુણાતીતાનંદ સ્વામીનો સમાગમ કરવા જૂનાગઢ મંદિરે અવારનવાર પધારતા અને સ્વામીના વચને અહોહોભાવે સેવાઓ કરતા.

જૂનાગઢમાં જાગાભક્તને આસને કથાવાર્તા થતી. તે સાંભળવા મોટા મોટા સદ્ગુરુઓ અને હરિભક્તો પધારતા, આ જોઈને ઘણાને ખૂંચતું. એવા દ્વેષીઓના શબ્દોથી કોઠારી જીભાઈ ભોળવાઈ ગયા. તેઓએ જાગા સ્વામીને સભામાં આવવાની તથા તેમને આસને કથા કરવાની બંધી ફરમાવી. આ વાત શાસ્ત્રીજી મહારાજને ખબર પડી. તેઓ જૂનાગઢ પધાર્યા અને સીધા જ જાગા સ્વામીના ઓરડે દર્શન કરવા ગયા. નીડરતાપૂર્ણ તેમણે જાગા સ્વામીને દંડવત્ કરી સમાગમ કર્યો. તે રાત્રે શાસ્ત્રીજી મહારાજે જીભાઈ કોઠારીને એકાંતમાં જાગા સ્વામીનો અપાર મહિમા વર્ણવ્યો. શાસ્ત્રીજી મહારાજનાં વચનો સાંભળી કોઠારીને પોતાની ભૂલ સમજાઈ અને અંતરમાં ખૂબ પસ્તાવો થયો. વહેલી સવારે કોઠારીએ જાગા સ્વામીના ઓરડે જઈ દીનભાવે માફી માંગી બંધી હટાવી દીધી અને શાસ્ત્રીજી મહારાજ પ્રતિ આભાર વ્યક્ત કર્યો. આ પ્રસંગ બાદ જાગા સ્વામીએ શાસ્ત્રીજી મહારાજને રાજીપા રૂપ આશીર્વાદ દીધા કે, 'આજ પછી મારાથી જે જે સત્કર્મ થાય તે બધાંનું પુણ્ય તમને ! તમે અનેક મુમુક્ષુઓ માટે મોક્ષનું દ્વાર આજે ઉઘાડ્યું છે.' આ અપ્રતિમ આશીર્વાદનું સાક્ષી બન્યું જૂનાગઢ મંદિર ! આ મંદિરમાં શાસ્ત્રીજી મહારાજે 'સત્સંગી જીવન'નું પારાયણ પણ કર્યું છે. વળી, જે જૂનાગઢ મંદિરમાં ભગતજી મહારાજનું અપમાન થયું હતું, ત્યાં જ શાસ્ત્રીજી મહારાજના પ્રયત્નોથી ભગતજી મહારાજનું ધામધૂમથી સન્માન પણ થયું. આમ ગુરુભક્તિની અકલ્પનીય ગાથાનું સાક્ષી બન્યું છે જૂનાગઢ મંદિર !

વળી, ગુરુદેવ યોગીજી મહારાજે પાર્ષદી દીક્ષા પણ જૂનાગઢ મંદિરે જ ગ્રહણ કરી. પૂ. કૃષ્ણચરણદાસ સ્વામીના મંડળમાં રહી યોગીજી મહારાજે જૂનાગઢ મંદિરમાં ખૂબ સેવાઓ કરી, જાગા સ્વામી ને કૃષ્ણજી અદાનો સમાગમ પણ ઘણો કર્યો અને શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસના આત્મસાત કરી. રાજકોટમાં યોગીજી મહારાજે કૃષ્ણજી અદાના ઘરે સંવત ૧૯૬૬ના શ્રાવણ સુદ સાતમના રોજ ગુરુવર્ય શાસ્ત્રીજી મહારાજનાં દર્શન પ્રથમ વખત કર્યાં. દર્શન કરતાં જ મનમાં ભાવ જાગ્યો કે, ગુરુ તો શાસ્ત્રીજી મહારાજને જ કરવા. ત્યારબાદ સંવત ૧૯૬૭ના જ્યેષ્ઠ સુદ એકાદશીના સમૈયા પછી સાત સંતો સાથે યોગીજી મહારાજ જૂનાગઢ મંદિર છોડી શાસ્ત્રીજી મહારાજ સાથે શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસના પ્રવર્તનની સેવામાં જોડાયા. જૂનાગઢ મંદિરેથી પ્રસ્થાન કરતાં શ્રી ગુણાતીતાનંદ સ્વામીએ પૂજા કરેલી શ્રી ઠાકોરજી-લાલજીની મૂર્તિ પોતાની સાથે લાવ્યા, જે શાસ્ત્રીજી મહારાજને અર્પણ કરી. તે મૂર્તિ આજે પણ તત્પશ્ચાત્ જે સ્વરૂપો પ્રગટ રહ્યાં તેઓની સાથે વિચરણ કરે છે અને આજે પ્રગટ બ્રહ્મસ્વરૂપ પરમ પૂજ્ય મહંતસ્વામીજી સાથે હંમેશાં વિદ્યમાન રહી છે. બ્રહ્મસ્વરૂપ યોગીબાપા બ્રહ્મજ્યોતિ પધાર્યા ને ભૂમિ પાવન કીધી ત્યારે આ જ શ્રી ઠાકોરજી અહીં આમ્રવૃક્ષ તલે બિરાજેલા. જે આમ્રવૃક્ષ અને દિવ્ય સ્થાન 'હૃદયકુંજ' તરીકે ઓળખાય છે અને સૌના ભક્તિભાવ ઝીલી દર્શન દે છે. આમ, ઉપાસના પ્રવર્તન કાર્યમાં જૂનાગઢ મંદિરનું અપ્રતિમ યોગદાન રહ્યું છે ! ◆